પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૩૩, કુલ પાના:૪, તારીખ: ૨૯-૦૧-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 133 PRICE :-RS. 1.50 DATE : 29-01-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### બજેટ સત્રના પ્રારંભે રાષ્ટ્રપતિ બંન્ને ગૃહોની સંયુકત બેઠકને સંબોધન કરશે

# આજથી સંસદનું બજેટ સત્ર: સરકાર-વિપક્ષ વચ્ચે ટક્કરના એંધાણ

ન્યુ દિલ્હી,

આવતીકાલથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ સત્ર દરમિયાન વિપક્ષે સરકારને વિવિધ મુદ્દે ઘેરવાની પૂરી તૈયારી કરી લીધી છે. દેશની રાજધાનીમાં નવા કૃષિ કાયદાના વિરોધમાં છેલ્લા ૨ મહિનાથી ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. કૃષિ કાયદા અમલમાં આવ્યા ત્યારથી વિપક્ષો પણ સતત સરકાર પર આંકરા પ્રહાર કરી રહ્યા છે. તેવામાં કાલથી શરુ થતા બજેટ સત્રમાં હવે સરકારને ઘેરવાની તૈયારી વિપક્ષે કરી લીધી છે. લોકસભા અને



રાજ્યસભામાં વિપક્ષ તરફથી નવા કૃષિ કાયદા, ચીન અને કોરોના સંકટ અને કથડતી અર્થવ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારી વિપક્ષે કરી છે. આ તમામ મુદ્દા પર વિપક્ષના પ્રશ્નોના જવાબ સરકારે આપવા પડશે. આ સત્ર દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજુ કરવાના છે. બજેટ સત્ર શરુ થાય તે પહેલા આ મામલે વિપક્ષી નેતાઓએ સરકારને કેવી રીતે ઘેરવી તે મામલે રણનીતિ ઘડવા એક વીડિયો કોન્ફરન્સ પણ કરી હતી. બજેટ સત્રના પહેલા જ દિવસે એટલે કે શુક્રવારે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, રાજેડી, શિવસેના, આમ આદમી પાર્ટી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહિતની વિપક્ષી પાર્ટી સંયુક્ત રીતે મોદી સરકારનો વિરોધ કરવા સહમત થઈ છે. વિપક્ષના એક નેતાએ તો રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના ભાષણનો પણ બહિષ્કાર કરી દેવાનું સુચન કર્યું છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

સંસદનું સત્ર ૨૯ જાન્યુઆરી અને શુક્રવારથી શરુ થશે અને ૧ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. અર્થવ્યવસ્થાની બાબતે પહેલાથી જ ઘેરાઈ ચુકેલી સરકાર માટે આ બજેટ સત્ર સરળ નહીં હોય. પરંતુ સૌથી મોટી સમસ્યા સરકાર માટે નવા કૃષિ કાયદા બની શકે છે. ખેડૂતો અને સરકાર વચ્ચે જે સંગ્રામ ચાલી રહ્યો છે તે બજેટ સત્રમાં પણ સરકારને નડતરરૂપ બનશે તેવું લાગે છે. આ ઉપરાંત કોરોનાના કારણે અર્થવ્યવસ્થાને જે ફટકો પડ્યો છે તેને સુધારવું પણ સરકાર માટે સંકટ છે.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સીપીઆઈએમ પ્રમુખ સીતારામ યેચુરી અને કેટલાક અન્ય વિપક્ષી નેતાઓના સંપર્કમાં છે. આ સાથે જ સોનિયા ગાંધીએ મજદૂર કિસાન શક્તિ સંગઠનના નિખિલ ડેને પત્ર લખી અને આશ્વાસન આપ્યું છે કે સંસદમાં સૌથી પહેલા કોંગ્રેસ ખેડૂત આંદોલનનો મુદ્દો ઉઠાવશે. વિપક્ષ ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાને રદ્દ કરવા માંગ કરશે.

આ અંગે સૂત્રોના જણાવ્યાનુસાર વિપક્ષી નેતાઓ એવો દાવો પણ કરે છે કે ભાજપ્રા સહયોગી નથી તેવા તમામ પક્ષ આ બજેટ સત્રમાં મોદી સરકાર વિરુદ્ધ એકજૂટ થઈ વિવિધ મુદ્દે સરકારને ઘેરશે. આ અંગે તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ બ્રાયને કહ્યું હતું કે તેમની બેઠક હજુ મળી નથી. પરંતુ તેમની કાર્યયોજના તૈયાર થઈ ચુકી છે. યેચુરીએ પણ કહ્યું છે કે ખેડૂતોનો મુદ્દો તમામ વિપક્ષી પાર્ટીઓ માટે એક થવાનું માધ્યમ બનશે. આ સિવાય તેઓ આર્થિક સ્થિતિ અને ભારત-ચીન વચ્ચેના સંઘર્ષ પર પણ ચર્ચાની માંગ કરશે.

## બજેટ સત્ર: રાષ્ટ્રપતિના ભાષણનો બહિષ્કાર કરશે કોંગ્રેસ સહિત ૧૬ પાર્ટીઓ

શુક્રવારથી શરૂ થઈ રહેલ સંસદના બજેટ સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બંને ગૃહોને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિના અભિભાષણનો કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, અકાલી દળ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહીત ૧૬ પાર્ટીઓ બહિષ્કાર કરશે. આ તમામ પાર્ટીઓ તરફથી નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે જણાવ્યું છે કે અમે તમામ ૧૬ રાજકીય પક્ષો એક નિવેદન જાહેર કરી રહ્યાં છીએ કે અમે રાષ્ટ્રપતિના અભિભાષણનો બહિષ્કાર કરી રહ્યા છીએ. જે આવતી કાલે સંસદમાં આપવામ આવશે. આ નિર્ણય પાછળ મુખ્ય કારણ એ છે કે ત્રણ કૃષિ કાયદાઓને વિપક્ષ સાથે ચર્ચા કર્યા વગર સંસદમાં જબરદસ્તી પસાર કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી,નેશનલ કોન્ફરન્સ, ડીએમકે, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, સમાજવાદી પાર્ટી, આરજેડી, સીપીઆઈ (એમ), આઈજેએમએલ, આરસીપી, પીડીપી, એમડીએમકે, કેરળ કોંગ્રેસ, એઆઈયુડીએફ. આ સિવાય અકાલી દળ અને આમ આદમી પાર્ટી પણ અભિભાષણનો બહિષ્કાર કરશે.

## મા વાત્સલ્ય કાર્ડથી સારવારમાં બેદરકારી:
## દર્દીઓને હોસ્પિટલથી હેલ્થ સેન્ટર જવું પડે છે

સુરત,

બાયોમેટ્રીક ઓળખ માટે આઈસીયુના દર્દી પણ લાઇનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. કરણ કે ફિંગર પ્રિન્ટ મશીન જે તે હોસ્પિટલમાં લઈ જઈ કામગીરી કરવામાં આવતી નથી. ગંભીર દર્દીઓ માટે પહેલા હોસ્પિટલમાં જઈ ફિંગરપ્રિન્ટ લેવાતા પરંતુ સેન્ટર ઓછા થતા હવે દર્દીઓને હાલાકી થઈ રહી છે. ગંભીર બીમારીમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ ઈમરજન્સીમાં બનાવવા સરકારે ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે ઓનલાઈન વ્યવસ્થા કરી છે, છતાં આ સેવાનો લાભ લેવા ઈમરજન્સી વોર્ડમાં દાખલ દર્દીઓને પણ ફિંગર પ્રિન્ટ આપવા માટે હોસ્પિટલમાં દાખલ હોવાં છતાં અન્ય સેન્ટર ઉપર બોલાવવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં પણ ઓક્સિજન અને વેન્ટિલેટર ઉપર રખાયેલાં દર્દીઓને



નંબર પ્રમાણે જ લેવાના હઠાગ્રહ સાથે લાઈનોમાં ઊભા કરી દેવાય છે. ફિંગર પ્રિન્ટ માટેની હથેળી જેવડી મશીન ઈમરજન્સીમાં દર્દીઓ પાસે જઈ શકે તેમ છે છતાં જીવના જોખમે આઈસીયુમાંથી દર્દીને અન્ય સેન્ટરના મશીન સુધી જવાની નોબત પડી રહી છે. દિલ્લીગેટની ખાનગી હોસ્પિટલમાં મણકાના ઓપરેશન માટે દાખલ ધીરજ પાટીલે મા વાત્સલ્ય કાર્ડ બનાવવા અરજી કરી હતી. ધીરજ ભાઈને મણકામાં એવી પીડા હતી કે તે ચાલી કે ઊભા પણ રહી શકતાં ન હતાં. આ સ્થિતિમાં તેમને વૃદ્ધ પિતા પાલિકાની એમ્બ્યુલન્સમાં કતારગામ હેલ્થ સેન્ટર લઈ આવ્યાં હતાં. જ્યાં અરજ છતાં તેમને સ્ટ્રેચર પણ અપાઈ ન હતી. દર્દીને તેમનાં વૃદ્ધ પિતા અને ફાયર કર્મીએ આશરે કલાક સુધી લાઈનમાં લઈ ઊભાં રહ્યાં હતાં. પુણાગામ ખાતે રહેતા મમતા બેનનું હૃદય બંધ પડી જતાં તબીબોએ હાર્ટમાં પ્રેસ મેકર મુકવાનો ૪થી ૫ લાખના ખર્ચનો એસ્ટિમેટ આપ્યો હતો. તેમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી વાત્સલ્ય કાર્ડ ઉપર ઓપરેશન કરાવવાની અરજ કરી હતી. આ દર્દી આઈસીયુ વૉર્ડમાં ઓક્સિજન ઉપર હોવાં છતાં મા વાત્સલ્ય કાર્ડ બનાવવા માટે ૧૦૮માં કતારગામ હેલ્થ સેન્ટરના અરજીમાં આંગળીના નિશાન માટે કતારગામ હેલ્થ સેન્ટર ઉપર જવાની નોબત પડી હતી. અગાઉ આ પ્રક્રિયા માટે દર્દીની સ્થિતિ જોઈને હોસ્પિટલમાં જ અથવા તો એમ્બ્યુલન્સ સુધી જઈ ફિંગર પ્રિન્ટ લેવાતાં હતાં. દર્દીને પ્રાયોરિટી આપવાની સુચના છતાં દર્દીને લાઈનમાં ઊભાં રહેવું પડ્યુ હતું. ડીએચઓની મંજુરી હોય તો ફિંગર પ્રિન્ટની કીટને દર્દી સુધી લઈ જઈ શકાય છે. ક્રિટિકલ કેસમાં વાત્સલ્ય કાર્ડની પ્રક્રિયા માટે દર્દી જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલના મેનેજમેન્ટ અને તબીબની લેખીત મંજુરી મેળવવી પડે છે. તે પછી ગેઝેટ ઓફિસર કે સ્થાનિક ધારાસભ્યની ભલામણ સાથેનો પત્ર લઈને હ્રઉઁ પાસે ઓપરેટરને કીટ સાથે હોસ્પિટલમાં દાખલ દર્દી સુધી જઈ ફિંગર પ્રિન્ટ લેવાની મંજુરી મળે છે.

## પશ્ચિમ બંગાળ વિધાનસભાએ કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ પાસ કર્યો

કોલકાત્તા,

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ પાસ કર્યો છે. લેફ્ટ અને કોંગ્રેસે સપોર્ટ કર્યો હતો. મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા. મમતાએ કહ્યુ કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ત્રણ કૃષિ કાયદા પરત લે અથવા વડાપ્રધાન પદ છોડે.

કેન્દ્ર સરકાર તરફથી પસાર ત્રણ કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ પાસ કરાવવા માટે બંગાળ વિધાનસભાના બે દિવસીય સત્રના બીજા અને અંતિમ દિવસે મુખ્યમંત્રીએ આ વાત કહી હતી. મમતા બેનરજીએ દિલ્હીના લાલ કિલ્લા પર વિવાદને કેન્દ્ર સરકારની નિષ્ફળતા ગણાવી હતી. મમતા બેનરજીએ વિધાનસભામાં પોતાના સંબોધનમાં કહ્યુ કે જ્યાર સુધી આ ત્રણ કૃષિ કાયદા પરત નથી લેવામાં આવતા, દેશભરમાં આંદોલન ચાલતા રહેશે, તેમણે કહ્યુ કે જો આ બિલ લાગુ થઈ ગયુ અને અમલમાં આવી ગયુ તો દેશમાં ખાદ્યાન્ન સંકટ ઉભુ થઈ જશે. લોકો દાણા-દાણા માટે તરસશે.

મમતા બેનરજીએ વિધાનસભામાં કહ્યુ કે કેન્દ્રમાં આ સમયે લુટારા અને ડાકુની સરકાર છે. મમતાએ કહ્યુ કે જો કોર્પોરેટ કંપનીઓના દેવા માફ થઈ શકે છે તો તમામ ખેડૂતોના દેવા કેમ માફ નથી થતા. મમતા બેનરજીએ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર દેશના તમામ ખેડૂતોનું દેવુ માફ કરે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કૃષિ કાયદા વિરૂદ્ધ ચાલી રહેલા પ્રદર્શન અને વિવાદને ખતમ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વદળીય બેઠક બોલાવવાની માંગ કરી છે. મમતા બેનરજીએ કહ્યુ કે, કોરોના પર વડાપ્રધાન વારંવાર તમામ દળના નેતાઓ સાથે વાતચીત કરતા રહે છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ કે, સરકાર કહે છે કે માત્ર પંજાબ,હરિયાણા અને રાજસ્થાનના જ ખેડૂત પ્રદર્શન કરી રહ્યા છે, આ સાચુ નથી. મમતા બેનરજીએ કહ્યુ કે તેમણે બંગાળના ગામમાં જોયુ છે. ખેડૂત ઘણા પરેશાન છે. આ બિલના લાગુ થઈ જવા પર તે ખેડૂતોને પણ ઘણુ નુકસાન થશે.

મમતા બેનરજીએ કહ્યુ કે, લાલ કિલ્લા પર જે રીતે ખાલિસ્તાની ધ્વજ લહેરાવવામાં આવ્યો, તે કેન્દ્રની મોદી સરકારની નિષ્ફળતાને બતાવે છે. લાલ કિલ્લામાં ઝંડો ફરકાવવો કેન્દ્રનું ષડયંત્ર છે. મમતાએ કહ્યુ કે, અમિત શાહ અને નરેન્દ્ર મોદી સાથે દીપ સિદ્ધૂની તસવીર સામે આવી છે, તેની તપાસ થવી જોઈએ.

## ભારત પહોંચ્યા વધુ ત્રણ રાફેલ, નોન સ્ટોપ પૂરી કરી ૭૦૦૦ કિમીની મુસાફરી



અંબાલા,

ફ્રાન્સમાંથી ૭૦૦૦ કિ.મી.નો નોન-સ્ટોપ પ્રવાસ ખેડીને વધુ ત્રણ રફાલ ફાઈટર જેટ વિમાન ભારતમાં ભારતીય હવાઈ દળના એક મથક ખાતે લેન્ડ થઈ ચૂક્યા છે. ભારતીય હવાઈ દળે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. આ સાથે ભારતને ફ્રાન્સ તરફથી અત્યાર સુધીમાં કુલ ૧૧ રફાલ વિમાન પ્રાપ્ત થયા છે, જે અણુબોમ્બ લઈ જવા માટે પણ સક્ષમ છે. આ વિમાનોની કોમ્બેટ રેન્જ ૭૮૦ કિ.મી.થી લઈને ૧,૬૫૦ કિ.મી. સુધીની છે. પાંચ રફાલ વિમાનોનો પહેલો જથ્થો ૨૦૨૦ની ૨૯ જુલાઈએ ભારત પહોંચ્યો હતો. ત્યારબાદ ત્રણ વિમાનનો બીજો જથ્થો ગયા વર્ષની ૩ નવેમ્બરે ભારત પહોંચાડવામાં આવ્યો હતો. પહેલા પાંચ વિમાનોને અંબાલા હવાઈદળ મથકમાં રાખવામાં આવ્યા છે જ્યારે બીજા ત્રણ વિમાનને પશ્ચિમ બંગાળના હસીમારા હવાઈદળ મથકમાં રાખવામાં આવ્યા છે.

ફ્રાન્સની એરોસ્પેસ કંપની દાસોલ્ટ એવિએશન પાસેથી ૩૬ રફાલ વિમાન ખરીદવા માટે ભારત સરકારે ૨૦૧૬માં રૂ. ૫૯,૦૦૦ કરોડનો સોદો કર્યો હતો. તમામ ૩૬ વિમાનો ૨૦૨૨ની સાલ સુધીમાં ભારતને ડિલીવર કરી દેવામાં આવશે.

## રાજ્યના ભાવનગર અને સુરેન્દ્રગરમાં બર્ડ ફ્લુનો ખતરો

ભાવનગર,

ગુજરાત રાજ્યમાં કોરોના એક બાજુ નામશેષ થવા જઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ બર્ડ ફ્લુ દસ્તક દઈ રહ્યો છે. રાજ્યના અનેક જીલ્લામાં બર્ડ ફ્લુ સામે આવ્યા બાદ વધુ બે જીલ્લામાં બર્ડ ફ્લુનો ખતરો તોળાઈ રહ્યો છે. ભાવનગરના મહુવા ખાતે બર્ડ ફ્લુ પોઝીટીવ આવ્યો છે. સુરેન્દ્રનગર ખાતે મોટી સંખ્યામાં મૃત પક્ષી મળી આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સુરેન્દ્રનગરના માલવણમાં ૮ ચકલીઓ મૃત હાલતમાં મળી આવી છે. બર્ડ ફ્લૂની દહેશત વચ્ચે મૃત ચકલીઓ મળી આવતા જીવદયા પ્રેમીઓમાં શોકની લાગણી ફેલાઈ છે. તો વન વિભાગની ટીમે મૃત ચકલીના નમૂના લીધા છે. અને આ નમૂના પશુ રોગ સંશોધન કેન્દ્ર ખાતે મોકલાયા છે. હવે તેના રીપોર્ટની રાહ જોવાઈ રહી છે.

તો બીજી બાજુ ભાવનગર જિલ્લામાં બર્ડ ફ્લુનો પ્રથમ પોઝિટિવ કેસ સામે આવ્યો છે. મહુવાના ગુંદરણા ગામે મરઘાનો પોઝિટિવ કેસ આવ્યો છે. ગુંદરણા ગામે મરઘાના ટપોટપ મોત થયા હતા. પશુપાલન વિભાગે નમૂના લઈ ભોપાલ મોકલ્યા હતા. જેનો રિપોર્ટ પોઝિટિવ આવતા પોલ્ટ્રી ફાર્મ માલિકોમાં ચિંતામાં મુકાયા છે.

## દેશના ૧૪૬ જિલ્લામાં છેલ્લા ૭ દિવસમાં કોરોનાનો કોઈ કેસ નહીં: ડૉ.હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ.હર્ષવર્ધને ભારતમાં ઝડપથી ઓછા થઈ રહેલા કોરોનાના કેસ પર એક રિપોર્ટ રજૂ કર્યો છે. આ દરમિયાન તેમને કહ્યું છેલ્લા ૭ દિવસમાં દેશના ૧૪૬ જિલ્લામાં એકપણ કોરોનાનો કેસ દાખલ થયો નથી. હર્ષવર્ધને આ વાતની જાણકારી કોરોનાને લઈ થયેલી ઉચ્ચ સ્તીરય મંત્રીઓના સમૂહની ૨૩મી બેઠકમાં આપી છે. તેમને કહ્યું કે દેશમાં કોરોના માટે ઉઠાવેલા પગલા અને અત્યાર સુધી કરેલા ૧૯.૫ કરોડથી વધારે ટેસ્ટના કારણે આ સંભવ થઈ શક્યુ છે. તેમને કહ્યું કે ૧૮ જિલ્લા એવા છે જ્યાં છેલ્લા ૧૪ દિવસમાં કોરોનાનો એક પણ કેસ દાખલ થયો નથી, ત્યારે ૬ જિલ્લા એવા છે જ્યાં ૨૧ દિવસમાં અને ૨૧ જિલ્લા એવા છે જ્યાં છેલ્લા ૨૮ દિવસમાં કોરોનાનો એક પણ કેસ સામે આવ્યો નથી. હાલમાં ૧.૭૩ લાખ એક્ટિવ કેસમાંથી ૦.૪૬ ટકા દર્દી વેન્ટિલેટર પર, ૨.૨૦ ટકા દર્દી ICUમાં અને ૩.૦૨ ટકા ઓક્સિજન સપોર્ટ પર છે. ત્યારે દેશમાં નવા કોરોના વાઈરસના ૧૬૫ કેસ સામે આવ્યા છે અને તે દર્દીઓને નજર હેઠળ રાખવામાં આવ્યા છે.

## દિલ્લીમાં રિક્ટર સ્કેલ પર ૨.૮ની તીવ્રતાના ભૂકંપના ઝાટકા

ન્યુ દિલ્હી,

રાજધાની નવી દિલ્લીમાં ગુરુવારે સવારે ભૂકંપના ઝટકા અનુભવાયા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૨.૮ માપવામાં આવી છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા મુજબ ભૂકંપના ઝટકા સવારે ૯.૧૭ વાગે અનુભવાયા છે અન તેને પશ્ચિમી દિલ્લીમાં માપવામાં આવ્યા છે.

એક સપ્તાહમાં આ ત્રીજી વાર છે જ્યારે દિલ્લી એનસીઆરમાં ભૂકંપથી ધરતી કાંપી છે. આ પહેલા ૨૬ જાન્યુઆરીએ ઝટકા અનુભવાયા હતા. જેનુ કેન્દ્ર દક્ષિણ-પશ્ચિમ દિલ્લીમાં હતુ. રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૧.૯ હતી. વળી, ૨૨ જાન્યુઆરીએ પણ ભૂકંપના ઝટકા આવ્યા હતા જેની તીવ્રતા ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ ૧.૯ જ માપી હતી.

## ભ્રષ્ટાચારી દેશોમાં ભારત ૮૬મા ક્રમે:
## ન્યૂઝીલેન્ડ-ડેનમાર્ક સૌથી સ્વચ્છ દેશ

ન્યુ દિલ્હી,

ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા હાલમાં થયેલા ભ્રષ્ટાચાર સંદર્ભે પર્સેપ્શન ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો છે. સંસ્થાએ જણાવ્યું છે કે તેમણે ભ્રષ્ટાચારને સમાપ્ત કરવા ઉઠાવેલા પગલાઓના આધારે વિશ્વના ૧૮૦ દેશોની રેકિંગ તૈયાર કરી છે. આ રેકિંગમાં ભારત ૮૬મા ક્રમે છે. તેવી રીતે પાડોશી દેશ ચીન ૭૮માં, પાકિસ્તાન ૧૨૪માં અને બાંગ્લાદેશ ૧૪૬માં સ્થાને છે.

દર વર્ષે વિશ્વના દેશોનું કૌભાંડ પર ઈન્ડેક્સ તૈયાર કરનાર આંતરરાષ્ટ્રીય સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે ચાલું વર્ષે કોવિડ ૧૯ મહામારી સામે મુકાબલો કરતી વખતે થયેલા ભ્રષ્ટાચાર પર વિશેષ જોર આપ્યું છે. આ માપદંડમાં બાંગ્લાદેશ એકદમ છેલ્લે પછડાયું છે. સંસ્થાના અધ્યક્ષ ડેલિયા ફેરેરા રુબિઓએ જણાવ્યું કે, "કોવિડ-૧૯ માત્ર સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ જ નથી. તે ભ્રષ્ટાચારનું સંકટ પણ છે જેનો આપણે હાલમાં સામનો કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છીએ.

રુબિઓએ વધુમાં જણાવ્યું કે, ગત વર્ષે સરકારોની જે પરીક્ષા થઈ, તે પહેલા ક્યારેય થઈ નથી. ઉચ્ચ કક્ષાએ ફેલાયેલા ભ્રષ્ટાચારને કારણે પડકારોનો સામનો કરવામાં વામળા સાબિત થયા છીએ. પરંતુ જે લોકો ભ્રષ્ટાચાર પર્સેપ્શન ઈન્ડેક્સમાં ટોચ પર છે, તેઓએ પણ પોતાના દેશ અને વિદેશમાં ભ્રષ્ટાચારને હરાવવા માટે ઝડપી અને અનિવાર્ય ભૂમિકા ભજવવી પડશે.

જોકે, આ રેકિંગમાં ૧૦૦ માંથી ૮૮-૮૮ પોઈન્ટ સાથે ન્યુઝીલેન્ડ અને ડેનમાર્ક ટોચ પર છે. તેજ સમયે, ભારતને ૧૦૦માંથી ૪૦, ચીન ૪૨, પાકિસ્તાન ૩૧ અને બાંગ્લાદેશને માત્ર ૨૬ પોઈન્ટ મળ્યા છે. અન્ય એક પાડોશી દેશ અફઘાનિસ્તાને ૧૦૦ માંથી ૧૯ પોઈન્ટ મેળવીને ૧૬૫ રેંક મેળવ્યો છે. જો કે, તે ૨૦૨૧થી અત્યાર સુધી ૧૧ સ્થાનો પર ચઢવામાં સફળતા મેળવી છે અને આ મામલામાં એશિયન દેશોમાં અગ્રેસર છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હુનેદભાઈ યાકુબ દલાલ

મુ. પંચેલા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મકવાણા મનાભાઈ લાલાભાઈ

મુ. ભૂતીયા, તા. દે.બારીઆ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં આજે ૦૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૯૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૯૪ કેસ પોઝીટીવ નોધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૧૯૭૨૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૩ દર્દી હોમ આઈસોલેશન અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓકિસજન પર છે.

## લુણાવાડાના હરદાસપુર ગામ પાસે ST બસની અડફેટે સાયકલ સવાર બાળકનું મોત


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, લુણાવાડા તાલુકાના હરદાસપુર ગામ પાસે એસ.ટી.બસ ચાલકે સાયકલ સવાકર બાળકને અડફેટમાં લેતાં બાળકનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે લુણાવાડા તાલુકાના હરદાસપુર ગામ પાસે રોડ ઉપરથી બેચરાજી-ઝાલોદ એસ.ટી.બસ પસાર થઈ રહી હતી. એસ.ટી.બસના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી હંકારી લાવી. રોડ ઉપર થી સાયકલ ઉપર પસાર થતાં બાળકને અડફેટમાં લીધો હતો. બાળકને ગંભીર ઈજાઓ થતાં બાળકનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. બાળકનું મોત થતાં મૃતદેહને લુણાવાડા કોટેજ હોસ્પિટલમાં પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો. આ બાબતે લુણાવાડા પોલીસ મથકે બસ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા હોસેલાવ ચોકડી પાસેથી બે દુકાનોની ચોરીમાં સંડોવાયેલ આરોપીને ૯ માસ બાદ પોલીસે પકડ્યો

શહેરા, શહેરાની હોસેલાવ ચોકડી ઉપર બે દુકાનોમાં થયેલ ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપી ૯ મહિના બાદ પોલીસના હાથે લાગ્યો હતો.

શહેરા-લુણાવાડા રોડની હોસેલાવ ચોકડી પાસેની કરિયાણા તેમજ મોબાઈલની બે દુકાનોમાં ૨૦૨૦ના એપ્રિલ મહિનામાં ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. બંને દુકાનોના શટરનુ તાળુ તોડી એક દુકાનમાંથી કરિયાણાનો સામાન જયારે બીજી દુકાનમાંથી મોબાઈલ, કોમ્પ્યુર, તેમજ કેમેરાની ચોરી બાબતે માલિકો દ્વારા જે તે સમયે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ગોધરા બી-ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, શહેરા પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુનામાં ભાગેડુ આરોપી ગોધરા શહેરના મીઠીખાન મહોલ્લાનો શહેઝાદ હયાત પટેલવાડા વિસ્તારમાં ઉભો છે. આ બાતમીના આધારે ગોધરા બી-ડીવીઝન પોલીસે પટેલવાડા વિસ્તારમાં પહોંચી ઘરફોડ ચોરીમાં ગુનામાં નાસ્તા ફરતા શહેઝાદ હયાતની ધરપકડ કરી હતી. તેને શહેરા પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

## ગોધરા કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ કોરોના ગાઈડલાઈન્સના નિયમો મુજબ શરૂ કરાયુ

ગોધરા, કોરોના બાદ લોકડાઉન લાગ્યુ હતુ. જેમાં તમામ ક્ષેત્રો બંધ કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા ક્રમશઃ વિવિધ ક્ષેત્રે સરકારની ગાઈડલાઈન મુજબ શરૂ કર્યા હતા. કનેલાવ ખાતે આવેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બંધ કર્યુ હતુ. જે શરૂ કરવા માટે વખતો વખત સરકારની ગાઈડલાઈન્સની રાહ જોવામાં આવી હતી. ત્યારે ૧૦ મહિના જેટલા લાંબા સમયગાળા બાદ આજથી ગોધરા ખાતે આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ શરૂ કરવામાં આવશે.આ અંગે સ્પોર્ટ્સ કોમ્પક્ષના સિનીયર કોચ પ્રતાપભાઈ પસાયાએ જણાવ્યુ હતુ કે, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે પે એન્ડ પ્લે યોજના હેઠળ શરૂ કરવામાં આવશે. જેના માટે સરકારની તમામ કોરોના ગાઈડલાઈન્સનુ ચુસ્તપણે પાલન કરવામાં આવશે.

## લેન્ડ ગ્રેબિંગ એકટ: પાંજરાપોળની કેટલીક જમીન પચાવવા મુદ્દે કોર્ટે ૨ નાં જામીન ફગાવ્યા

અમદાવાદ, અમદાવાદ આંબાવાડી પાંજરાપોળની કેટલીક જમીન અને તેના આસપાસ આવેલી જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવાના કેસમાં આરોપીઓ સામે લેન્ડ ગ્રેબિંગ એકટની જોગવાઈઓ મુજબ કરવામાં આવેલી કાર્યવાહીના કેસમાં અમદાવાદની સ્પેશ્યલ કોર્ટે બે આરોપીઓના જામીન ફગાવી દીધા છે. કોર્ટે બંને આરોપી બચુભાઈ ચુનારા અને વિરલ દેસાઈના જામીન ફગાવતા નોંધ્યું હતું કે, પાંજરાપોળની પરવાનગી વગર બંને આરોપીઓએ તેની પાસે આવેલી જગ્યા પર ગેરકાયદેસર રીતે કબજો કરી પ્રાણીઓને રાખ્યા છે અને પાસે આવેલી એક જગ્યા પર લારીવાળા અને વાહન પાર્કિંગના ગેરકાયદેસર ભાડા વસૂલવાનો આક્ષેપ છે. આ કેસની તપાસ ચાલુ હોવાથી બંને આરોપીઓને જો જામીન આપવામાં આવે પુરાવા અને સાથીઓ સાથે ચેડાં થવાની શક્યતા છે અને જેથી તેમને અત્યારે જામીન આપી શકાય નહીં.

આ મુદ્દે મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટ તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, કેટલાક સાક્ષીઓએ નિવેદનમાં જણાવ્યું હતું કે આરોપીઓ આવેલી જગ્યા પર લારીવાળા અને વાહન પાર્ક કરનાર વ્યક્તિ પાસેથી માલિકી ન હોવા છતાં ગેરકાયદેસર રીતે ભાડુ વસૂલે છે. પાંજરાપોળની પચાવેલી જગ્યા પર આરોપીઓ દ્વારા ઢોરને પણ રાખવામાં આવે છે. ફરિયાદી તરફે રજૂઆત કરવામાં આવી હતી કે બંને આરોપીઓ અસામાજીક પ્રવૃતિઓમાં સંડોવાયેલા છે અને પાંજરાપોળની આવેલી જગ્યા પર લારીવાળા અને વાહન પાર્ક કરવા બાબતે લોકો પાસેથી ગેરકાયદેસર રીતે ભાડું વસૂલે છે. અરજદારના એડવોકેટે દલીલ કરી હતી કે આરોપીઓ દ્વારા કોઈપણ પ્રકારની જમીન પચાવવામાં આવી નથી અને વાહન પાર્કિંગ મુદ્દે કે લારીવાળા પાસેથી પૈસા વસુલતા નથી.

## સુરતમાં ૮૦ સેન્ટરો ઉપર વેક્સિનેશનની કામગીરી હાથ ધરાશે




સુરત, સુરત મહાનગરપાલિકા દ્વારા આજથી વિવિધ ૮૦ સેન્ટરો પર વેક્સિનેશન ડૉઝ આપવાની કામગીરી શરૂ કરાશે. શરૂઆતમાં ૧૪ અને ૨૮ સેન્ટરો બાદ આજથી ૮૦ સેન્ટરો ઉપર વેક્સિનેશનની કામગીરી હાથ ધરાશે અને પ્રથમ તબક્કામાં નોંધાયેલા ૩૭ હજારથી વધુ સ્વાસ્થ્ય કર્મીઓના વેક્સિનેશન ની કામગીરી ૬ ફેબ્રુઆરી સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. આ ઉપરાંત આજે એક સાથે ૭ હજાર હેલ્થ વર્કર્સને વેક્સિનેશન કરવામાં આવશે.

આરોગ્ય વિભાગે આજે એક સાથે સાત હજાર હેલ્થ વર્કર્સને વેક્સિનેશન આપવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે એક સાથે શહેરનાં જુદા જુદા વિસ્તારનાં ૮૦ સ્થળો ઉપર વેક્સિનેશન કરવામાં આવશે. સુરત મ્યુનિસિપલ વિસ્તારમાં હેલ્થ વર્કર્સની માહિતી કોવિડ પોર્ટલમાં અપલોડ કરવામાં આવી છે. તેની ગણતરી મુજબ ૧૪મી ફેબ્રુઆરીના રોજ હેલ્થ વર્કર્સનો વેક્સિનેશન પૂર્ણ થાય તેમ છે. પરંતુ, મ્યુનિસિપલ તંત્રે વેક્સીનેશન સેન્ટર અને હેલ્થ વર્કરની સંખ્યામાં સતત વધારો કરતા ૬ ફેબ્રુઆરીના રોજ હેલ્થ વર્કરનો વેક્સિનેશન પૂર્ણ કરવામાં આવશે.

સરકારની સુચના મુજબ ફ્રન્ટલાઈન વર્કર્સ અને કો-મોર્બિડ લોકોને વેક્સિનેશન માટે પ્રાધાન્ય આપવામાં આવશે. આરોગ્ય અધિકારી ડૉક્ટર પ્રદીપ ઉમરીગરે જણાવ્યું હતું કે, શહેરમાં અત્યાર સુધી ૧૧ હજાર સ્વાસ્થ્ય કર્મીઓને રસી આપી દેવામાં આવી છે. અત્યાર સુધી ૨૮થી ૩૦ ટકા જેટલા કામગીરી પૂર્ણ થઈ છે. જે આગામી ૬ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરાશે.

## S.Y. B.Comની ઓનલાઈન પરીક્ષા દરમિયાન વેબ સાઈટ છબરડો

અમદાવાદ, એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં હાલમાં ચાલી રહેલી એસવાયબીકોમની ઓનલાઈન પરીક્ષામાં સર્જાયેલા છબરડાના કારણે વિદ્યાર્થીઓ હેરાન થયા હતા. મળતી વિગતો પ્રમાણે હાયર ફાઈનાન્સિયલ એકાઉન્ટ વિષયનું પેપર હતુ. વિદ્યાર્થીઓ જ્યારે ઓનલાઈન પરીક્ષા આપવા માટે યુનિવર્સિટીના પરીક્ષા પોર્ટલ પર લોગ ઈન થયા તો પરીક્ષાનો સમય ૯ થી ૧૦-૩૦ વાગ્યાનો દર્શાવાયો હતો.

સામાન્ય રીતે આ સમય ૯ થી ૧૦ વાગ્યાનો રહેતો હોય છે. તેના કારણે ઘણા વિદ્યાર્થીઓ પેપર આપવા માટે દોઢ કલાકનો સમય મળશે તેમ સમજ્યા હતા. જોકે ૧૦ વાગતાં જ પોર્ટલ બંધ થઈ ગયું હતું. જેના પગલે દોઢ કલાકની પરીક્ષા સમજીને આરામથી જવાબો આપી રહેલા કેટલાક વિદ્યાર્થીઓના પ્રશ્નો છુટી ગયા હતા. આમ વેબસાઈટની ટેકનિકલ ખામીના કારણે આ છબરડો સર્જાયો હતો અને બીજી તરફ યુનિવર્સિટી સત્તાધીશો અને ફેકલ્ટી સત્તાધીશોએ એક બીજા પર દોષનો ટોપલો ઢોળવા માટેનો પ્રયાસ કર્યો હતો. કોમર્સ ફેકલ્ટીના મેઈન બિલ્ડિંગ ખાતે ડીન ઓફિસની બહાર કેટલાક વિદ્યાર્થી નેતાઓએ આ મુદ્દે ધરણા પર બેસવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે ત્યાં હાજર વિજિલન્સ સ્કવોડના સભ્યોએ વિદ્યાર્થી નેતાઓને ટિંગાટોળી કરીને અને ધક્કા મારીને દૂર કરી દીધા હતા.

## ભરૂચમાં ગોઝારો અકસ્માત, ૧૦થી વધુ લોકો ઘાયલ

ભરૂચ, ભરૂચ નબીપુર ગામ નજીક ગોઝારો અકસ્માત સર્જાયો છે જેમાં ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો જેને પગલે પોલીસ અને સ્થાનિકો દોડી આવ્યા હતા અને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ઘાયલ મુસાફરોને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલાયા છે અને પોલીસે અકસ્માત નોંધી તપાસ હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૯-૦૧-૨૦૨૧, શુક્રવાર, પોષ વદ-૧, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૩૧, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ આશ્લેષા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત-૧૨-૩૮થી ૧૩-૨૨, સુધી ૭-૨૮ થી -ચલ-લાભ-અમૃત-૧૧-૩૭સુધી, ૧૩-૦૦થી શુભ-૧૪-૨૩સુધી, ૧૭-૦૯થી ચલ-૧૮-૩૨ સુધી, ૨૧-૪૩થી લાભ-૨૩-૨૩ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૮થી ૧૦-૧૪ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૫ સુધી, ૧૩-૫૬ થી ૧૬-૪૨ સુધી, ૧૭-૩૭ થી ૧૮-૩૨ સુધી |

## વાયરસ હોય કે સરહદ પર પડકાર, ભારત દરેક સ્થિતિ સામે લડવા તૈયાર: મોદી



ન્યુ દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ગુરુવારે રાષ્ટ્રીય કેડેટ કોરના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ દરમિયાન ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું. મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ભારત વાયરસ અથવા સરહદના પડકાર સામે કાર્યવાહી કરવામાં સક્ષમ છે. ગયા વર્ષે ભારતે બતાવ્યું હતું કે ભારત દરેક મોરચે સક્ષમ છે. આજે આપણે વેક્સિન બાબતે પણ આત્મનિર્ભર છીએ. આ સાથે જ સેનાને મજબુત બનાવવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ ગુરુવારે એનસીસીના કાર્યક્રમમાં સબોધન કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે એનસીસીની ભૂમિકાનો વિસ્તાર કરવામાં આવશે. દરિયાઈ સરહદોની સુરક્ષા સાથે જોડાયેલા નેટવર્કને મજબૂત બનાવવા માટે એનસીસીની ભાગીદારી વધારવામાં આવી રહી છે. આ માટે એક લાખ કેડેટ્સને તાલીમ આપવામાં આવી રહી છે. સરકાર તરફથી પણ એનસીસીના કેડેટ્સની તાકાત વધારવામાં આવી રહી છે.

મોદીએ સંબોધન કરતાં જણાવ્યુ હતું કે અહીં આવીને હંમેશા સુખ ભર્યો અનુભવ થાય છે. સમગ્ર દેશ તમારા પર ગર્વ કરી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે દેશમાં જ્યાં પણ કોઈ મહત્વપૂર્ણ કાર્ય થાય છે, ત્યાં એનસીસી કેડેટ ત્યાં હંમેશા પહોંચે છે, અને સંકટ સમયે મદદ કરવા માટે પણ આવે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બંધારણમાં નાગરિકોની ફરજની વાત કરવામાં આવી છે,તેનું પાલન કરવું દરેક નાગરિકની ફરજ છે. દેશમાં એક સમયે નકસલવાદ એક મોટી સમસ્યા હતી, પરંતુ લોકોની જાગૃતિને કારણે નકસલવાદની કમર તૂટી ગઈ હતી.

વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ગયા વર્ષે બતાવ્યું છે કે તે વાઈરસ હોય કે સરહદી બાબતના પડકાર, ભારત તેની સામે લડવા સંપૂર્ણ રીતે તૈયાર છે. આજે દેશમાં બે સ્વદેશી વેક્સિન બનાવવામાં આવી છે, સેનાનું આધુનિકીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. દેશને વધુ બે રાફેલ મળી ગયા છે, જે હવામાં જ રિફ્યુઅલ કરી શકે છે. હવે સેનાની જરૂરિયાતોને ભારતમાં જ પૂરી કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે હું દિવાળી પર લોંગેવાલા ચોકી પર ગયો ત્યારે હું ઘણા અધિકારીઓને મળ્યો હતો. ૧૯૭૧ના યુદ્ધમાં તે ચોકી પર સૈનિકોએ નિર્ણાયક વિજય મેળવ્યો હતો, ત્યારબાદ પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન પૂર્વ-પશ્ચિમની પોસ્ટ પર ભારતે પાકિસ્તાનને ધૂળ ચટાડતું કરી દીધું હતુ. તે યુદ્ધમાં મળેલી જીતને હવે ૫૦ વર્ષ પૂર્ણ થયા જઈ રહયા છે.

તેમણે કહ્યું કે તમારી બધાની ઈચ્છા હશે કે સંરક્ષણ દળનો ભાગ બનીએ. સરકાર તમારા માટે તકો વધારી રહી છે. તમારા માટે ઘણા અવસરો રાહ જોઈ રહ્યા છે. હું મારી સામે જોઈ રહ્યો છું અને આંકડા એ પણ દર્શાવે છે કે ગર્લ્સ કેડેટ્સમાં ૩૫%નો વધારો થયો છે. ભારતની બહાદુર પુત્રીઓ દુશ્મનને હરાવવા માટે મોરચા પર અડગ છે. હું તમારામાં ભાવિ અધિકારીઓને જોઈ રહ્યો છું.

કાર્યક્રમ દરમિયાન જુદા-જુદા રાજયોની પરેડનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે કેડેટ્સના સભ્યોનું સન્માન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથસિંહ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત, ત્રણેય સેનાઓના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## લાલ કિલ્લા પર થયેલી હિંસા શરમજનક, ખેડૂત નેતા યુદ્ધવીરસિંહે દિલ્હી પોલીસની માફી માંગી

ન્યુ દિલ્હી, ટ્રેક્ટર પરેડ દરમિયાન થતી હિંસાને લઈને ખેડૂત સંગઠનો સતત બેકફૂટ પર છે. ગુરુવારે ખેડૂત નેતા યુદ્ધવીરસિંહે હિંસા બદલ દિલ્હી પોલીસની માફી માંગી હતી અને કહ્યું હતું કે આ બધું જોઈને અમે એકદમ શરમજનક છે. ખેડૂત નેતા યુદ્ધવીરસિંહે નિવેદન આપ્યું છે કે આંદોલનથી અલગ પડેલા બંને સંગઠનો પહેલાથી જ સંયુક્ત કિસાન મોરચાના ભાગ નહોતા. આ અગાઉ પણ બંને સંગઠનો આંદોલનથી પીછેહઠ કરી ચુક્યા છે, પરંતુ જ્યારે તેમના વિસ્તારોમાંથી દબાણ આવ્યું ત્યારે તેઓ પાછા આંદોલનમાં જોડાયા. ખેડૂત નેતા યુદ્ધવીરસિંહે કહ્યું કે પ્રજાસત્તાક દિન પર જે બન્યું તે શરમજનક હતું અને અમને પણ શરમ આવે છે. કોઈપણ આંદોલન ત્યારે જ સફળ થાય જ્યારે બંને તરફથી સહયોગ હોય. હું ગાઝીપુર સરહદની નજીક હતો. જે ઉપદ્રવીઓ ત્યાં ઘુસ્યા એ અમારા લોકો સાથે ન હતા. ખેડૂત નેતાઓએ કહ્યું કે અમે હિંસાની નિંદા પણ કરી રહ્યા છીએ અને તેના પ્રાયશ્ચિત કરવા માટે ૩૦ જાન્યુઆરીએ એક દિવસીય ઉપવાસ પણ કરીશું. દિલ્હી પોલીસમાં પણ અમારા જ ભાઈઓ છે, આવી રીતે આપણે દિલ્હી પોલીસ સૈનિકોની માફી માંગીએ છીએ. નોંધનીય છે કે મંગળવારની હિંસા બાદ ખેડૂત સંગઠનોએ એક ફેબ્રુઆરીની સંસદ માર્ચને રદ કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ સંયુક્ત કિસાન મોરચાની પ્રેસ કોન્ફરન્સમાં શિવકુમાર કક્કાએ એમ પણ કહ્યું હતું કે કિસાન આંદોલનમાં કેટલાક બદમાશો ટ્રેક્ટર પરેડમાં ઘુસી આવ્યા હતા, જેના પર અમે ધ્યાન રાખી રહ્યા છીએ. પરંતુ ખેડૂત સંગઠનોથી પણ આ મોરચોમાં ખામી રહી ગઈ છે. ટ્રેક્ટર પરેડમાં થયેલી હિંસા પછી જ, ખેડૂત સંગઠનોએ હવે ૧ ફેબ્રુઆરીએ નીકળેલી સંસદની કૂચને રદ કરી દીધી છે, જ્યારે ૩૦ જાન્યુઆરીએ તેમણે ઉપવાસ રાખવાનું કહ્યું છે. દિલ્હી પોલીસ હિંસા પર સતત કાર્યવાહી કરી રહી છે અને અત્યાર સુધીમાં ડઝનેક એફઆઈઆર નોંધાઈ છે.

## દૈનિક રાશીફળ

તા.૨૯.૦૧.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર



## દે.બારીઆમાં ફ્રી વાઈ-ફાય ઈન્ટરનેટ સેવા બંધ : ફરી ફ્રી સેવા શરૂ ક્યારે થશે ???

દે.બારીઆ, પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકા વડોદરા ઝોનની કોર્ટ મ્યુની અપીલ નં.૨૫/૨૦૧૮ અન્વયે આ કામગીરીની ટુંકી હકીકત આ મુજબ છે. દે.બારીઆ નગર પાલિકાન દ્વારા તા.૨૪/૦૫/૨૦૧૭ની સામાન્ય સભામાં મંજૂરી મેળવેલ હતી. તેમજ રૂા.૩૬ લાખ જેટલી માતબર રકમનો ખર્ચ મંજૂર કરી ચાલુ કરવામાં આવેલ હતી.

મળતી માહિતી અનુસાર આ કામગીરી નગર પાલિકાના જુદા જુદા વિસ્તારોમાં વાઈ ફાઈ ટાવર પણ ઉભા કરીને લાઈનો પણ બીછાવવામાં આવી હતી. આ વાઈ ફાઈ સેવામાં કુલ ખર્ચ રૂા.૩૫ લાખ જેટલી માતબર રકમનો ખર્ચ થયેલ હતો. આ કામગીરીમાં લાખોનો ખર્ચ પાણીમાં ગયો તેમ કહી શકાય હાલમાં આ ફ્રી હાઈ ફાઈ સેવાના ટાવરો ખોટ ખાયલા પડી રહ્યા છે. કોની બેદરકારી છે તેનો તપાસ અવશ્ય થવી જોઈએ. તપાસનો દોર ક્યારે થશે તે યક્ષ પ્રશ્ન છે ? અત્રે ઉલેખનિય છેકે સરકારશ્રીના ડિજીટલ ઈન્ડીયા અંતર્ગત નગર પાલિકામાં રહેતા પ્રજાજનોને ફ્રી ઈન્ટરનેટ સેવા મળી રહે તેમજ સુરક્ષા સેતુ અંતર્ગત સીસી ટીવી કેમેરા મૂકી લુંટફાટ તેમજ અવરજવર કરતા વાહનોમાં ગતિવિધી માટે સીસી ફુટેજ મળી રહે અને તેના મુંઝવણ ભરેલા કેસો સોલ્યુશન અને તેના માટે મહત્વનો નિર્ણય લેવાયો હતો. તે નિર્જનથી આજે ફલિત થતો નથી.

મળતા સૂત્રો મુજબ કામે જે કઈ કહેતું હોય તે દિન–૭માં લેખિતમાં મોકલી આપવા જાણ કરવા કોર્ટ સૂચના આપી છે કે ઠરાવ ૬/૫૨ લેવા નિર્ણય લેવામાં આ સંબંધે તા.૨/૧૧/૨૦૧૦ના પત્રથી વાદી થતા પ્રતિનિધી દિન–૭મં કે કઈ કહેવું, હોય તે લેખિતમાં મોકલી આપવા જણાવ્યું. જેના અન્વયે ચીફ ઓફિસર દે.બારીયાના દ્વારા તા.૨૪/૧૧/૨૦૨૦ના લેખિત રજુઆત મોકલી આપી હતી. પરંતુ પ્રતિવાદી હાલના પ્રમુખ ડી.એમ.નાથાણીના દ્વારા આજદિન સુધી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. થતા પ્રતિવાદી તત્કાલીન પ્રમુખ ફારૂખભાઈ જેથી એ તા.૨૪/૦૫/૨૦૧૭ લેખિતમાં કહ્યું હતું. દે.બારીઆ નગર પાલિકાન દ્વારા તા.૨૪/૦૫/૨૦૧૭ની સામાન્ય સભામાં ઠરાવ–૮૬ ૨૦૧૦ થી વાઈ ફાઈ ઝોનની સુવિધા સર્વાનુમતે મંજૂરી મેળવેલ હતી. તેમજ ૩૬ લાખનો ખર્ચ પણ મંજૂર કરવામાં આવેલ હતો. આ વાઈ ફાઈ ફ્રી સેવાની કામગીરીના માટે નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં ટાવર ઉભા કરીને લાઈનો ખેંચવામાં આવેલ છે. જેમાં કુલ ખર્ચ રૂા.૩૫ લાખ જેટલો થયો છે. ન.પા.કા.ન.પા.–કલમ ૨૫૮–વશી૩૬૦૬ થી ૩૬૦૭–૨૦૨૦ પ્રાદેશિક મ્યુન્સી પાલિકા કમિશ્નરની કચેરી તા.૨૧/૧૨/૨૫૦૨૦માં સ્પષ્ટ લખેલું નોટીસમાં લખેલ છે. હવે એ જોવાનું છે. આ ફ્રી હાઈ ફાઈ જનતા માટે ફરી ક્યારે ઈન્ટરનેટની ફ્રી સેવા મળી રહેશે કે પછી તારીખ પે તારીખની માયાજાળમાં દબાય જશે તે તો આવનારો સમય બનાવશે.

## દાહોદ વહીવટી તંત્ર દ્વારા ઠકકર ફળીયા થી સ્ટેશન રોડ સુધીના ગેરકાયદેસર દબાણો દુર કરાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ વહીવટી તંત્રના ઉચ્ચ સત્તાધિશો દ્વારા આજરોજ સવારના સમયે ઠક્કર ફળિયા થી લઈ સ્ટેશન રોડ તરફના ગેરકાયદેસર દબાણો, ઝુકાટો વિગેરેના નીરીક્ષણ માટે નગર ચર્ચાએ નીકળ્યાં હતાં અને નજરે પડતાં કેટલાક ગેરકાયદે દબાણો તેમજ ઝુકાટોને તાત્કાલિક દુરવાના આદેશો સાથે સ્થળ પર જ દુર દેવાયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

કલેક્ટર વિજય ખરાડી, એસ.પી.હિતેશ જોયષર, દાહોદ ટાઉન પી.આઈ. વસંત પટેલ સાથે સાથે દાહોદ નગરપાલિકાના સત્તાધિશોને સાથે લઈ કલેક્ટરની આગેવાનીમાં આ ટીમ આજે દાહોદ શહેરના ઠક્કર ફળિયાથી સ્ટેશન રોડ તરફ નીકળ્યાં હતા. વહીવટી તંત્રની ટીમ આવતી જોઈ ગેરકાયદે દબાણકર્તા સહિત ઝુકાટો ફેલાવનાર તત્વોમાં ફફડાટ સ્વંય કામે લાગી ગયાં હતા અને દબાણો, ઝુકાટો દુર કરી દીધા હતા. ત્યારે વહીવટી તંત્રને ધ્યાન પડતાં કેટલાક આવા દબાણો દુર કરવાની અપીલ સાથે સ્થળ પરજ કામગીરી કરવામાં આવી હતી. આમ, આજથી પ્રારંભ થયેલ દબાણ હટાવ કામગીરી આગામી દિવસોમાં પણ નિરંતર ચાલુ રહેશે તેવા એંધાણો વર્તાઈ રહ્યાં છે. ત્યારે દાહોદ શહેરમાં ફરીવાર વહીવટી તંત્રનો સપાટો આવા ગેરકાયદે દબાણ કર્તાઓ પર ભારી પડશે તેમ લાગી રહ્યું છે.

## દાહોદ ગલાલીયાવાડમાં જમીનના ઝગડામાં ટોળા દ્વારા હુમલો : ચાર વ્યકિતને ઈજાઓ

દાહોદ, દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ખાતે જમીન સંબંધી મામલે થયેલ ધિંગાણામાં ચૌદ જેટલા ઈસમોના ટોળા પોતાની સાથે મારક હથિયારો સાથે આવી ગેરકાયદેસર મંડળી બનાવી ધસી આવ્યાં હાદ બે મહિલા સહિત ચાર જણાના લોખંડની પાઈપ, લાકડી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પામી છે.

સોનીવાડ ખાતે રહેતા ધુળાભાઈ પુંજાભાઈ માળી, દાહોદના આંગણીયા ગામે રહેતા વિજયભાઈ રાઠી, ગલાલીયાવાડ ગામે રહેતો શૈલેષભાઈ સોમાભાઈ પસાયા અને ઝુઝરભાઈ રાણાપુરવાળા તથા તેમની સાથે બીજા દશેક જેટલા ઈસમો ગત તા.૨૩.૦૧.૨૦૨૧ના રોજ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ, લાકડી વિગેરે મારક હથિયારો ધારણ કરી ગલાલીયાવાડ ગામે ગારી ફળિયામાં આવ્યાં હતાં અને જેઠીબેન જેઠાભાઈ ગારીના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ ફળિયામાં આવેલ રેવન્ય સર્વે નંબર ૮૭૮વાળી જમીનમાં અમો બાંધકામ કરવાના છીએ, તમારાથી જે થાય તે કરી લો, તેમ કહેતા જેઠીબેન તથા તેમના પરિવારજનોએ જણાવ્યું હતું કે, આ જમીનનો કેસ કલેક્ટર સાહેબની ઓફિસમાં પેન્ડીંગ છે, તેમ છતાં બાંધકામ કરવા કેમ આવ્યાં છો? તેમ કહેતાંજ ઉપરોક્ત ટોળું એકદમ ઉશ્કેરાયું હતું અને પોતાની સાથે લાવેલ હથિયારો વડે શૈલેષભાઈ સોમાભાઈ પસાયાને લોખંડની પાઈપ વડે, કલ્પેશભાઈને બરડાના પાછળના ભાગે, જેઠીબેનને, સુરતીબેનને તથા રસલિબેનને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાચ મચી જવા પામ્યો હતો અને ધિંગાણું મચાવી આ ટોળુ નાસી ગયું હતું.

આ સંબંધે ઈજાગ્રસ્ત જેઠીબેન જેઠાભાઈ ગારીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ધિંગાણું મચાવનાર તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

## દાહોદ ઉચવાણિયા ગામેની બે સગીરાઓની ખેંચતાણ કરી શારીરિક છેડછાડ કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ તાલુકાના ઉચવાણિયા ગામે બે ઈસમોએ બે સગીરાઓ જ્યારે કુદરતી હાજતે જતી હતી તે સમયે તેઓનો એકલતાનો લાભ લઈ તેઓની પાસે જઈ હાથ પકડી, ખેંચતાણ કરી શારિરીક છેડછાડ કરતાં બંન્ને સગીરાઓએ બુમાબુમ કરી મુકતાં સગીરાના વાલી વારસ આવી જતાં બંન્ને નરાધમો નાસી જવામાં સફળ રહ્યાં હોવાનું જાણળા મળી રહ્યું છે.

દાહોદ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષી સગીરા અને તેની બહેન ઉંમર વર્ષ ૧૧ એમ બંન્ને સગીર બહેનો ગત તા.૨૨મી જાન્યુઆરીના રોજ કુદરતી હાજત માટે ઘરની બહાર નીકળી હતી. આ દરમ્યાન ઉચવાણીયા ગામે તળાવ ફળિયામાં રહેતાં પ્રકાશભાઈ બાપુભાઈ ભુરીયા તથા ઉનાશભાઈ ખુમાનભાઈ ભુરીયા બંન્ને આ બંન્ને સગીર બહેનો પાસે આવ્યાં હતાં અને બંન્ને આ બહેનોને પકડી પાડી જમીન પર પાડી દઈ તેઓની સાથે શારિરીક અડપગલાં કરતાં બંન્ને બહેનોએ બુમાબુમ કરી મુકી હતી અને તેઓનો અવાજ સાંભળી આ સગીરાઓના પરિવારજનો દોડી આવતાં ઉપરોક્ત બંન્ને ઈસમો નાસી ગયાં હતાં.

આ સંબંધે બે પૈકી એક સગીરાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી બંન્ને યુવકોના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

## દાહોદ પાલિકાની ચુંટણીમાં BJP માંથી ૧૫૨ દાવેદારો એ ટીકીટ માંગતા નિરીક્ષકો મુંઝવાયા

દાહોદ, સ્થાનીક સ્વરાજયની ચુંટણીની તારીખો જાહેર થતાંની સાથે જ દાહોદ જિલ્લામાં સર્વ રાજકીય દળો દ્વારા ટીકીટ મેળવવા સહિતની ગતિવિધિઓ આરંભી દીધી છે. ત્યારે આજે દાહોદ શહેરમાં ભાજપના નીરીક્ષકો આજે દાહોદ આવ્યાં હતા. આ દરમ્યાન દાહોદમાંથી અલગ અલગ વોર્ડમાંથી કુલ ૧૫૨ લોકોએ ટીકીટ મેળવવા દાવેદારી નોંધાવતાં નીરીક્ષકો પણ જાણે કોણે ટીકીટ આપવી અને કોણે ન આપવી? જેવી મુશ્કેલીમાં મુકાતાં પણ જોવા મળ્યાં હતાં.

સ્થાનીક સ્વરાજયની ચુંટણીની તારીખની જાહેરાત થતાંની સાથે દાહોદ જિલ્લા ભાજપા, કોંગ્રેસ અને આપ પાર્ટી સહિત તમામ રાજકીય પક્ષોમાં ટીકીટ મેળવવા ધમપછાડાઓ ચાલી રહ્યાં છે. કોઈ ઉચ્ચસ્તરીય રજુઆતો, લાગવગોનો દૌર આરંભ કરી રહ્યા છે. તો કોઈ વ્હાલા – દવલાની નિતી અપનાવતાં પણ જોવા મળી રહ્યા છે. તો કોઈ ટીકીટની લ્હાયમાં પક્ષ પલ્ટો પણ કરી રહ્યા છે. ત્યારે આવા સમયે આજે દાહોદ શહેરમાં ભાજપના નીરીક્ષકોના આગમન સાથે જ દાહોદ શહેરના ભાજપના ઉમેદવારો ઉત્સાહીત સાથે ટીકીટ મેળવવાની લાલસાએ દોડધામોના દ્રશ્યો પણ કરતાં જોવા મળ્યાં હતાં. દાહોદ શહેરમાંથી આજે કુલ ૧૫૨ લોકોએ ટીકીટ મેળવવા દાવેદારી નોંધાવી હતી. જેમાંથી વોર્ડ નંબર ૦૧માંથી ૧૫, વોર્ડ નંબર ૦૨માંથી ૧૬, વોર્ડ નંબર ૦૩માંથી ૧૨, વોર્ડ નંબર ૦૪માંથી ૨૩, વોર્ડ નંબર ૦૫માંથી ૧૮, વોર્ડ નંબર ૦૬માંથી ૧૩, વોર્ડ નંબર ૦૭માંથી ૨૦, વોર્ડ નંબર ૦૮માંથી ૧૮ અને વોર્ડ નંબર ૦૯માંથી ૨૭ એમ કુલ ૧૫૨ લોકોએ ટીકીટ મેળવવા દાવેદારી નોંધાવી છે.

## રતલામ મંડળ રેલગાડીની ૧૧ ગાડીઓના સમયમાં ફેરફાર થયો

દાહોદ, રતલામ મંડળથી થઈ ૧૧ રેલ ગાડીઓના સમયમાં પરિવર્તન થયો હોવાનું રેલ્વે વિભાગ દ્વારા જણાવાયું છે અને આ ૧૧ પૈકી કેટલીક ટ્રેનોનું સ્ટોપ જ હોવાના કારણે આ ટ્રેનોના આવજ જાવનમાં પણ સમયનો ફેરફાર થયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

રતલામ રેડ મંડળના પ્રવકતા દ્વારા જાણવા મળ્યા અનુસાર, યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખી ઈન્દૌર મુંબઈ સેન્ટ્રલ ઈન્દૌર સ્પેશીયલ અવંતિકા એક્સપ્રેસ, બાન્દ્રા ટર્મિનલ ઉદયપર બાન્દ્રા ટર્મિનલ સ્પેશીયલ એક્સપ્રેસ, અમદાવાદ પટના અમદાવાદ સ્પેશીયલ એક્સપ્રેસ, બાન્દ્રા લખનઉ જંક્શન બાન્દ્રા ટર્મિનલ સ્પેશીયલ એક્સપ્રે, બાન્દ્રા ટર્મિનલ મુઝ્ઝફર બાન્દ્રા ટર્મિનલ સ્પેશીયલ એક્સપ્રેસ, બાન્દ્રા ટર્મિનલ ગોરખપુર બાન્દ્રા ટર્મિનલ સ્પેશીયલ એક્સપ્રેસ, બાન્દ્રા ટર્મિનલ ગાજીપુર સિટી બાન્દ્રા ટર્મિનલ સ્પેશીયલ એક્સપ્રેસ, બાન્દ્રા ટર્મિનલ રામનગર બાન્દ્રા ટર્મિનલ સ્પેશીયલ એક્સપ્રેસ, અમદાવાદ દરભંગા અમદાવાદ સ્પેશીયલ એક્સપ્રેસ, વલસાઢ પુરી વલસાઢ સ્પેશીયલ એક્સપ્રેસ આ ટ્રેનનો આવન, ગમન અને પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ સિવાય આ ટ્રેનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી હોવાનું પણ જણાવાયું છે.

## સીંગવડ તાલુકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં ઉમેદવારી માટે દાવેદારોનો મોટો ઘસારો

સીંગવડ, તાજેતરમાં જ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ચુંટણીપંચે જાહેરાત કરતાની સાથે જ ભારતીય જનતા પાર્ટી માટે સીંગવડ તાલુકા અને જિલ્લાની સીટો પર ઉમેદવારી કરવા માટે સીંગવડ તાલુકાના નાના આંબલીયા ખાતે નિરીક્ષકોની હાજરીમાં ભાવિ ઉમેદવારોને પોતાની તૈયારીઓ બતાવી હતી. જેમાં ત્રણ જિલ્લા પંચાયતની સીટો માટે ૧૭ અને ૧૮ તાલુકા પંચાયતની સીટો માટે ૬૦ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

સીંગવડ તાલુકા દ્વારા નાના આંબલીયાની માધ્યમિક શાળા ખાતે નિરીક્ષકોની હાજરીમાં સાંભળવામાં આવ્યા હતા. જયારે સુડીયા જિલ્લા પંચાયત સીટ માટે ૧૧ વાલાગોટા જિલ્લા પંચાયત સીટ માટે ૩, મેથાણ જિલ્લા પંચાયત માટે ૩, જયારે સુડીયા.તાલુકા પંચાયત સીટ માટે ૩, સિંગાપુર તાલુકા પંચાયત ૬, સરજુમી તાલુકા પંચાયત ૧, અગારા તાલુકા પંચાયત ૪, વાલાગોટા તા.પંચાયત ૨, પીપળીયા તા.પંચાયત ૪, છાપરવડ તા.પંચાયત ૪, મંડેર પંચાયત સીટ માટે ૩, પતંગડી તા.પંચાયત માટે ૬, મછેલાઈ તા.પંચાયત ૨, પહાડ તા.પંચાયત મેથા ૨, મેથાણ(૧)માટે ૨ અને મેથાણ (૨)માટે તા.પંચાયત માટે ૩, મલેકપુર તા.પંચાયત ૩, નાની સંજેલી તા.પંચાયત માટે ૬, દાસા તા.પંચાયત સીટ માટે ૫ ઉમેદવારોએ મળી કુલ ૧૮ તાલુકા પંચાયત માટે ૬૦ જેટલા ઉમેદવારોએ આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

## સંતરામપુર-ફતેપુરા થઈ રાજસ્થાન ચાલતી બસ લાંબા સમયથી બંધ : મુસાફરો પરેશાન

ફતેપુરા, સંતરામપુરથી વાયા ફતેપુરા થઈ રાજસ્થાનના ડુંગરપુર સુધી ચાલતી ગુજરાત સરકારની બસ છેલ્લા છ મહિના કરતા પણ લાંબા સમયથી બંધ રહેતા લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ બસ ચાલુ કરવા માટે મુસાફરોની પ્રબળ માંગ ઉઠવા પામી છે. ફતેપુરાથી દૈનિક સંતરામપુર–ડુંગરપુર બસ વાયા આનંદપુરી થઈ પરતાપુર–સાગવાડા–ડુંગરપુરના રૂટ પર એક માત્ર મુસાફરોના પ્રાણ સમાન બસ ચાલતી હતી. તે કોરોનાના કારણે આ બસો બંધ કરી દેવામાં આવતા પુનઃ શરૂ ન કરાતા મુસાફરોને અનેક હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ફતેપુરા, સંતરામપુર, તાલુકા સહિત રાજસ્થાનના લોકોની પણ આ બસ ચાલુ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.બસ ચાલુ કરવા માટે લોકોએ ફતેપુરાના ધારાસભ્ય, સંતરામપુરના ધારાસભ્યને રજુઆત કરી માંગ સંતોષવા અપીલ કરી છે.

## વડોદરાના પાણીગેટ વિસ્તારમાં આવેલી ઝૂપડપટ્ટીમાં આગ લાગતા દોડધામ મચી

વડોદરા, વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં અજબડી મીલ પાસે આવેલા ઠેકરનાથ સ્મશાન નજીકની ઝૂપડપટ્ટીના એક ઝૂપડામાં આજે સવારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આ બનાવમાં ઝૂંપડામાં રહેલી તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલી અજબડી મીલ નજીકના ઠેકરનાથ સ્મશાન પાસે આવેલ ઝૂપડપટ્ટીના એક ઝૂપડામાં આજે સવારે અચાનક આગ ફાટી નીકળી હતી. જેને પગલે પાણીગેટ ફાયર બ્રિગેડમાં જાણ કરાતા એક ઝૂંપડામાં લાગેલી આગ કદાચ સમગ્ર ઝુપડપટ્ટીને લપેટમાં લે તેવી શક્યતાને આધારે પાણીગેટ ફાયર સ્ટેશનના ૩ ફાયર ફાઈટર ઘટના સ્થળે રવાના કરાયા હતા.

પાણીગેટ ફાયર સ્ટેશનના જવાનોએ ઘટના સ્થળે પહોંચી ઝૂંપડામાં લાગેલી આગને ગણતરીની મિનિટોમાં કાબૂમાં લઈ લીધી હતી. જોકે આગને કાબૂમાં લેવાય તે પૂર્વે ઝૂંપડામાં રહેલી તિજોરી તથા ટીવી સહિતની તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. જેમાં અંદાજે ત્રણથી ચાર લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

આગનો આ બનાવ કઈ રીતે બન્યો તેની ચોક્કસ માહિતી નથી, પરંતુ, શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ કાઢવામાં આવ્યું છે. જો ફાયર બ્રિગેડ સમયસર પહોચ્યું ન હોત તો અનેક ઝૂંપડા આગની લપેટમાં આવી ગયા હોત. આગ લાગતા જ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિક લોકોની સમય સૂચકતાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.


## ૭૯૮ સરકારી તથા ૧૪૮૭ બિન સરકારી અનુદાનિત શાળાઓ ઈન્ટરનેટ સેવાથી વંચિત

ગાંધીનગર, રાજયની ૯૪૩ સરકારી અને ૩૨૪૦ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ સેવા ભારત સંચાર નિગમ લીમીટેડ દ્વારા પ્રથમ તબક્કામાં પુરી પાડવામાં આવી છે અને ૩૧ નવેમ્બર સુધીમાં ૧૪૫ સરકારી અને ૧૭૫૩ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ઈન્ટરનેટ સેવા પુરી પાડી છે. આથી જે શાળાઓમાં ભારત સંચાર નિગમ લીમીટેડ સેવા પુરી પાડી શકી નથી તેવી ૭૯૮ સરકારી અને ૧૪૮૭ બિન સરકારી અનુદાનિત શાળાઓને જે તે જિલ્લામાં સૌથી સારી ઈન્ટરનેટ સેવા પુરી પાડતી એજન્સી મારફતે શાળા કક્ષાએ સેવાઓ મેળવવાની ગ્રાન્ટ જે તે શાળાને ફાળવવાનો નિર્ણય કમિશ્નર ઓફ સ્કૂલ્સ દ્વારા કરવામાં આવ્યો છે. કમિશનર, શાળાઓની કચેરીના નાયબ નિયામકે રાજયના જિલ્લા શિક્ષણાધિકારીઓને પાઠવેલા પત્રામાં જણાવ્યું છે કે, આ યોજનામાં માત્ર સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો જ સમાવેશ કરવામાં આવશે. જો કોઈ કારણસર યાદીમાં/યોજનામાં સમાવિષ્ટ શાળા બંધ થાય કે પછી બંધ હોય અથવા યોજનામાં જોડાવવા ન માંગતી હોય તેની જાણ તેના સ્થાને સમાવવાની થતી શાળની વિગતો શિક્ષણ વિભાગને કરવાની રહેશે.

આ યોજના અંતર્ગત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ કનેકશન ઈન્સ્ટોલ કરવા સહિત શાળા દીઠ માસિક મહત્તમ ૧૨૫૦ રૂપિયા ચૂકવી શકાશે. શાળા જે તે વિસ્તારમાં હોય તે વિસ્તારમાં જે ઈન્ટરનેટ સેવા પ્રોવાઈડરની સર્વિસ સૌથી સારી હોય તેની પાસેથી મહત્તમ ખર્ચની મર્યાદામાં શાળાએ ઈન્ટરનેટ પ્લાન લેવાનો રહેશે. શાળા દ્વારા કોઈ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ઈન્ટરનેટની સર્વિસ લીધા બાદ જો તેઓને ઈન્ટરનેટ સર્વિસ બાબતે ફરિયાદ હોય તો ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર બદલવા અંગેનો નિર્ણય લઈ શકશે. તેમ જ ઈન્ટરનેટ કનેકશન સંદર્ભે થતી તમામ સમસ્યાઓનું નિરાકરણ શાળાએ જ કરવાનું રહેશે. ઈન્ટરનેટ કનેક્ટિવીટી અંગેની લોગ બુક શાળાએ નિભાવવાની રહેશે. જેમાં શાળામાં જે દિવસે ઈન્ટરનેટ કનેક્ટિવીટી ખોરવાય તે તારીખની નોંધણી તેમ જ કમ્પલેઈન નંબર સહિતની નોંધ કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ તેઓના જિલ્લાની શાળાઓના ઈન્ટરનેટ કનેકશન બાબતે તમામ વિગતો નિભાવવાની રહેશે.

તેમ જ શાળાઓને નિયમિત ગ્રાન્ટની ચૂકવણી કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ ઓડિટને આધિન રહેશે. શાળાએ આ યોજના હેઠળ કનેકશન લીધું છે કે કેમ તેની ચકાસણી ડીઈઓ કચેરી દ્વારા કરવાનું રહેશે. શાળાઓ દ્વારા શક્ય એટલા વધુ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ભાવપત્રક મેળવ્યા બાદ સર્વિસને ધ્યાનમાં લઈને સર્વિસ પ્રોવાઈડરની સેવાઓ લેવી. શાળામાં અમર્યાદિત ઈન્ટરનેટ સુવિધા શાળાના શૈક્ષણિક અને વહીવટી કાર્યો માટે પુરા પાડવામાં આવ્યા છે. આ કનેકશનનો ઉપયોગ વ્યવસાયિક કે અન્ય ખાનગી સંસ્થાના કે વ્યક્તિગત ઉપયોગ માટે ન થાય તેની તકેદારી જે તે શાળાના આચાર્યએ રાખવાની રહેશે. આવી કોઈ બાબત ધ્યાને આવશે તો તે શાળા વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

**રાજયની ૯૪૩ સરકારી અને ૩૨૪૦ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ**



એક જાપાનીઝ ટ્રેડિશનલ ડૉલ કંપની દ્વારા અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસની 'હિના' ડૉલ્સ તૈયાર કરાઈ છે. કંપનીએ આ ડૉલ્સ ટોક્યોમાં પ્રદર્શનાર્થે મૂકી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 133

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વેજલપુર ગામમાં હાલ ચાલી રહેલ

# વિકાસલક્ષી કામોમાં ભષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ : ઉચ્ચ અધિકારી તપાસ કરે તેવી માંગ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

**- વેજલપુરમાં ગટર લાઈનના ચેમ્બરો માંથી પસાર થતી પીવાની પાણીની લાઈન.**
**- ગટર લાઈનમાં ઉપયોગમાં લેવાતા પાઈપોના વ્યાસ જોતા ચાલતો ભ્રષ્ટાચાર ચાડી ખાઈ રહ્યો છે.**

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં અનેક વિસ્તારોમાં પીવાના પાણીની લાઈન તેમજ ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. પંચાયત દ્વારા ચાલતા કામોમાં પીવાના પાણીની લાઈનની ઉપર ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. જેને લઈ ભવિષ્યમાં પીવાના પાણીની લાઈનમાં ગંદુ પાણી જવાની શકયતા નકારી શકાય નહિ તેવી દહેશત સાથે જાગૃત નાગરિક દ્વારા જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને લેખિત રજુઆત કરવામાં આવી છે.

કાલોલ તાલુકાની સૌથી મોટી ગ્રામ પંચાયત ગણાતી વેજલપુર ગ્રામ પંચાયત આટલા વર્ષો બાદ પણ જોઈએ તેટલા વિકાસ થી વંચિત રહી છે. વેજલપુર પંચાયતના સત્તાધિશોને પદાધિકારીનો હોદ્દો મળતાની સાથે પોતાના વિકાસમાં રસ રહેતો હોય છે. પરિણામે વેજલપુર વિકાસની દ્રષ્ટિને પાછળ દેખાઈ રહ્યું છે. વેજલપુર પંચાયત વિસ્તારના મેન બજાર, હોળી ચકલા, મોટી મસ્જીદ, નાની મસ્જીદ સુધીની પીવાના પાણીની લાઈન તેમજ ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ પીવાના પાણીની નવી પાઈપ લાઈન ઉપર સી.સી. કોંક્રેટ થી લેવલીંગ કર્યા વગર પાણીની લાઈન ઉપર ગટર લાઈનનું કામ કરવામાં આવી રહ્યું છે. તે ભવિષ્યમાં ગ્રામજનો માટે ધાતક નિવડી શકે છે. પીવાના પાણીની લાઈન ઉપર થી પસાર થતી ગટર લાઈનનું ગંદુ પાણી પીવાના પાણીમાં ભળવાની શકયતાઓ નકારી શકાય નહિ જેને લઈ લોકોના આરોગ્યને નુકશાન થઈ શકે છે. તેવું ગામના જાગૃત નાગરિકના ધ્યાનમાં આવ્યું હતું. જેને લઈ આ બાબતે રાજયના મુખ્યમંત્રી,

> વેજલપુર ગ્રામ પંચાયતમાં ચાલી રહેલા વિકાસલક્ષી કામો કોઈ કોન્ટ્રાકટર કે ઈજનેર દ્વારા કરવામાં આવતા નથી અને હાલમાં લેભાગુ તત્વો આવા કામો કરી રહ્યા છે. તકલાદી અને હલ્કી ગુણવત્તાના કામો કરીને સરકારી ગ્રાન્ટના નાણાં ચાંઉ કરી દેવામાં આવશે. ત્યારે વેજલપુરમાં ચાલતા વિકાસના કામોની તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

જીલ્લા કલેકટર, ડી.ડી.ઓ. તેમજ તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરી છે. સાથે વિકાસના કામોમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ત્યારે અધિકારીઓ દ્વારા હાલ ચાલતા કામોની તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે.

## શહેરામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે BJPના નિરીક્ષકો ૧૦૦ થી વધુ ટીકીટ વાંચ્છુકોને સાંભળ્યા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત થતાની સાથે રાજકીય પક્ષો એ ચૂંટણી જીતવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સર્કિટ હાઉસ ખાતે ભાજપના નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથધરી ને પાલિકા, જીલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવનાર ૧૦૦થી વધુને સાંભળ્યા હતા.

શહેરા માં નગર પાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખ જાહેર થતા રાજકીય પક્ષ સહિત સ્થાનિક વહીવટીતંત્ર પણ તૈયારીઓમાં લાગી ગયું છે. જયારે ભાજપ દ્વારા તાલુકા મથક ખાતે આવેલ સર્કિટ હાઉસમાં ભાજપના નિરીક્ષકો કિરણસિંહ બારીઆ, અતુલ પટેલ, જશોદાબહેન પ્રજાપતી અને વિવેક પંચાલ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ પક્ષમાંથી નગરપાલિકા, પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવનાર ૧૦૦થી વધુ ઉમેદવારો પોતાના બાયોડેટા સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા ચૂંટણીનો માહોલ જામ્યો હોય તેવા દ્રશ્યો નજરે પડી રહયા હતા. સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા માટે અનેક લોકો પોતાને ટિકિટ મળે તે માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. જ્યારે જોવું રહ્યું કે ભાજપ ના કમળમાંથી નવા ચહેરાઓને ટિકિટ મળે છે કે પછી જુના ચહેરાઓને ભાજપ ટિકિટ આપવા સાથે રીપીટની થેરી અપનાવશે તે તો જોવું જ બની રહ્યું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નવા યુવા ચહેરાઓને ટિકિટ રાજકીય પક્ષ દ્વારા ફાળવવામાં આવનાર હોવાનું જોરશોરથી ચર્ચા નું સ્થાન બન્યુ છે.

## કાલોલના મલાવ-ભીખાપુરા ગામે દારૂનો જથ્થો સગેવગે કરતાં ૧.૬૧ લાખનો દારૂ ઝડપ્યો

કાલોલ,
કાલોલ પોલીસે મલાવ-ભીખાપુરા ગામે અંધારામાં કટિંગ લેતા રૂ.૧,૬૧,૦૦૦નો દારૂ ભરેલી કાર ઝડપી હતી. પોલીસને જોઈ તમામ બુટલેગરો પલાયન થઈ ગયા હતા.

કાલોલ પોલીસે પ્રજાસત્તાક પર્વની સાંજે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન એક ખાનગી બાતમીદાર તરફથી મલાવ ગામથી ભીખાપુરા ગામ તરફ જવાના રોડ પરના એક નીલગીરીના ખેતરમાં ઉભેલી આઈ-૨૦ કારમાં દારૂના જથ્થાનુ કટિંગ લેતા હોવાની બાતમીના આધારે કાલોલ પોલીસે બાતમીના સ્થળે પહોંચી જતાં ઘટના સ્થળે પોલીસને જોઈ બુટલેગરો ગાડી છોડીને નીલગીરીના ખેતરમાં પલાયન થઈ ગયા હતા. કાલોલ પોલીસે બુટલેગરોનો પીછો પણ કર્યો હતો પરંતુ અંધારામાં એકપણ બુટલેગર હાથમાં આવ્યો ન હતો.

કાલોલ પોલીસે બિનવારસી હાલતમાં સફેદ કલરની આઈ-૨૦ ગાડીને પોલીસ સ્ટેશનમાં લાવી ૧,૬૧,૦૦૦નો દારૂ અને ૩ લાખની ગાડી મળી કુલ રૂ.૪,૬૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ફરાર થયેલ બુટલેગરો પૈકી બાતમી મુજબ કટિંગ લેતા લોકલ બુટલેગર મફતભાઈ સબુરભાઈ પરમાર, બાબુ ઉર્ફે કાળિયો બળવંત રાઠોડ, રંગીત છત્રસિંહ રાઠોડ (ત્રણેવ રહે.મલાવ)જયદિપ ઉર્ફે સોમા બળવંતભાઈ સોલંકી (રહે.તરવડા)અને ગાડી લઈ આવનાર કોઈ રંગીતભાઈ ડાંગી આ તમામ બુટલેગરોને ઝડપવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૯૩૭ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૬ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૯૩૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૫, હાલોલ-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં

**- ૦૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૪૦.**
**- મૃત્યુ આંક - ૧૩૯.**

થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૬ આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## આચાર્ય શ્રી વિજયભદ્રસેન સુરજી મહારાજ ગોધરા ખાતે દેવલોક પામ્યા



ગોધરા,
પૂજયપાદ તેજોમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમપૂજ્ય સરળસ્વભાવી આચાર્ય શ્રી વિજયભદ્રસેનસૂરિજી મહારાજ આજે સવારે તા. ૨૮-૧-૨૦૨૧ પોષ સુદ પૂનમના રોજ ૮.૪૫ કલાકે ગોધરા (પંચમહાલ) મુકામે કાળધેમ થયેલા છે.

વિક્રમ સંવત ૨૦૦૦માં તેઓનો જન્મ, સં. ૨૦૨૨ માં દીક્ષા, સં. ૨૦૫૨ માં મહુવામાં આચાર્યપદ થયા હતા. ૫૫ વર્ષનો દીક્ષાપર્યાય અને ૨૫ વર્ષનો આચાર્યપદપર્યાય તેઓ ધરાવતા હતા.

તેઓએ આજીવન ગુરૂપાસના કરી હતી. પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ, પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ આદિ વડીલ ભગવંતોની ખૂબ ભાવપૂર્વક ભક્તિ કરીને તેઓએ વિશિષ્ટ કૃપા પ્રાપ્ત કરી હતી. પૂજ્યપાદ તેજોમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની તેઓએ કરેલી વૈયાવચ્ચ તો અનન્ય હતી.

વંદનાર્થે આવનાર સૌ સાથે મીઠો વ્યવહાર તેમની ખાસિયત હતી. સંસ્કૃત પ્રાકૃત વાંચન તેઓને ખૂબ ગમતું. નાના સાધુઓ સાથેનો તેમનો વ્યવહાર પણ ઘણો જ પ્રેરણાદાયી રહેતો. ઘણા ગુણોથી સમૃદ્ધ તેઓનું વ્યક્તિત્વ હતું.

છેલ્લા થોડાક વર્ષોથી તેઓની કાયા અશક્ત બની હતી. નાની મોટી વ્યાધિ તેમને રહ્યા જ કરતી હતી. આ સંજોગોમાં પણ તેઓ ગયા વર્ષે પોતાના વડીલ ગુરૂભાઈ પૂજ્યપાદ વિદ્વદ્વલ્લભ સંઘહિતચિંતક આચાર્યપ્રવર શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં કુંભારિયાજી તીર્થની પ્રતિષ્ઠામાં પધાર્યા હતા. અને ત્યારથી તેઓની નિશ્રામાં જ તેઓ રહ્યા. શેરીસા તીર્થમાં તેઓએ તેમની નિશ્રામાં ચાતુર્માસ પણ કર્યું. અને ત્યાંથી વિહાર કરીને ગોધરા (પંચમહાલ) મુકામે એક મુમુક્ષુ બહેનના પ્રવ્રજ્યાપ્રસંગે તેઓ પધાર્યા હતા.

લગભગ ત્રણ-ચાર દિવસથી તબિતય બગડતાં તેઓને સુર્યોદય હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ડોક્ટર નિશાતભાઈ શેઠની યથા યોગ્ય સારવાર અને પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રીવિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની કાળજીપૂર્વકની સારસંભાળ અને પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ધર્મકીર્તિવિજયજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની સુંદર વૈયાવચ્ચ આ બધું જ અનુમોદનીય રહ્યું. અને આજે સવારે તેઓનું આયુષ્ય કર્મ પૂરૂં થતાં તેઓ ખૂબ સમાધિપૂર્વક કાળ કરીને સ્વર્ગે સંચર્યા છે. શાસનસમ્રાટના સમુદાયને અને શાસનને તેમના જવાથી બહુ ઊંડી ખોટ પડી છે. આજે બપોરે ૧.૩૦ કલાકે તેમની પાલખી નીકળશે.

આવા વંદનીય મહાત્માઓના સંયમજીવનની અને સદ્ગુણોની આપણે ખૂબ ખૂબ અનુમોદના કરીએ અને એમના જીવનમાંથી આપણે પણ પ્રેરણા લઈએ એ જ મંગલકામના.

## પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા ગોધરા શહેરના લોકોને માસીક બજેટ ઉપર વધારાનો બોજ

ગોધરા,
છેલ્લા કેટલાય સમય થી પેટ્રોલ ડીઝલના ભાવ વધારાના પગલે પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરના નાગરિકોમાં કચવાટ સાથે વિવિધ મંતવ્યો સાથે આ મુદ્દો ચર્ચાને એરણે ચઢ્યો છે.

ભારત સરકાર તેમજ રાજ્ય સરકારો દ્વારા છેલ્લા કેટલાય સમય થી જે રીતે પેટ્રોલ ડીઝલના ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે.જેના કારણે મધ્યમ અને ગરીબ વર્ગની હાલત કફોડી થવા પામી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૧ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં પેટ્રોલ ડીઝલ માં છાસવારે ભાવવધારો નોંધાવા પામ્યો છે. જેમાં છેલ્લા ૨૮ દિવસ માં ડીઝલ માં ચાર વખત અને પેટ્રોલ માં પાંચ વખત વિવિધ તારીખોમાં ભાવ વધારો નોંધાયો છે. જેના કારણે લોકોમાં પેટ્રોલ ડીઝલ ના ભાવ વધારા ના પગલે કચવાટ સાથે વિવિધ મંતવ્યો સાથે ચર્ચા કરતા નજરે પડે છે. હાલમાં ડીઝલ ૮૨ રૂ. અને પેટ્રોલ ૮૪ રૂ. નું વેચાણ કરવામાં આવે છે. ત્યારે આગામી દિવસો માં પણ આજ પરિસ્થિતિ રહેવા પામી તો આગામી દિવસો માં પેટ્રોલ અને ડીઝલ ૧૦૦ રૂ.ને પાર જશે તો નવાઈ નહીં.

## પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી AIMIM પાર્ટીના સેક્રેટરી એ ગોધરાની મુલાકાત લીધી


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,
રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો ની ચૂંટણીઓની જાહેર થતાં જ પંચમહાલ જિલ્લાના રાજકારણમાં ગરમાવો વ્યાપી જવા પામ્યો છે. ત્યારે ગોધરા શહેરમાં પણ ચૂંટણી ને લઈ ઉમેદવારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આજ રોજ ગોધરા શહેરમાં હૈદરાબાદના સાંસદ અસદુદિન ઓવેસી ની ઓલ ઈન્ડિયા મઝલિસે ઈતેહદુલ મુસ્લિમીન પાર્ટીના (AIMIM) ગુજરાત સેક્રેટરી અબ્દુલ હમિદ ભટી એ ગોધરાની મુલાકાત લીધી હતી. જેમાં ગોધરા નગર પાલિકાના પૂર્વ સભ્ય હનીફ કલંદરે આજ રોજ ઉપરોક્ત પાર્ટીમાં જોડાઈ આગામી પાલિકાની ચૂંટણીમાં આ પાર્ટી માંથી પોતાનું નામાંકન ભરી ચૂંટણી લડશે તેમ જાહેર કર્યું હતું. ત્યારે આ પાર્ટીના ગુજરાત સેક્રેટરી અબ્દુલ હમિદ ભટી એ જણાવ્યું હતું કે અમારી પાર્ટી ના ઉમેદવારો ઉભા રાખવા અંગે ની પણ ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે પોતાના ઉમેદવારો સ્થાનિક મુદ્દાઓ પર ચૂંટણી લડશે અને લોકોના સંપર્કમાં રહેશે. ત્યારે તેઓની પાર્ટી ભાજપના ઈશારે ચાલતી હોવાના આક્ષેપ ને ફગાવ્યો હતો.

## ઘોઘંબાના પરોલી ગામે ઈકો ગાડી ગટરમાં ઉતરી જતાં ચાલકનું સારવાર દરમ્યાન મોત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના પરોલી ગામે વળાંક માંથી પસાર થતી ઈકો ગાડીના ચાલકે પોતાની ગાડીના સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવતા ગટરમાં ઘુસી જતાં ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેઓની દવા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે બારી થી ઘોઘંરા તરફ જતા રોડ ઉપર પરોલી ગામ પાસે વળાંક ઉપર થી પસાર થતી ઈકો ગાડી નંબર જીજે.૦૬.એચએલ.૮૮૪૭ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવતો હતો. દરમ્યાન સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ઈકો ગાડી રોડ સાઈડમાં ગટરમાં ઘુસી ગઈ હતી. જેને લઈ ચાલક મનુભાઈ કડવાભાઈ સેલોતને છાતીના ભાગે તેમજ પેટના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. સારવાર અર્થે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## મિસ્ટર બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ગોધરાના બે યુવાનોએ પ્રથમ અને તૃતીય સ્થાન મેળવ્યું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
વડોદરા ડીસ્ટ્રિક્ટ બોડી બિલ્ડિંગ એસોસિએશન દ્વારા ગત ૨૬ તારીખે ૩૫ મી મિસ્ટર વડોદરા આઈરોન મેન બોડી બિલ્ડિંગ ફિટનેસ ચેમ્પયનશિપ વડોદરા ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગોધરા શહેરના એકદંત ફિટનેસ સેન્ટર ખાતે ટ્રેનિંગ લેતા બે યુવાનોએ ભાગ લીધો હતો અને બંને યુવાનો દ્વારા અલગ શ્રેણીની સ્પર્ધામાં પ્રથમ અને તૃતીય સ્થાન મેળવ્યું હતું. જેમાં ગોધરા શહેરના આકાશ રાવલ દ્વારા ૫૫ કીગ્રા શ્રેણી તેમજ ૧૭૦ સેમી શ્રેણીની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી પ્રથમ સ્થાન મેળવવામાં આવ્યું હતું. જયારે એરિક ક્રિશ્ચિયન બ્રોન્ઝ મેડલ મેળવી ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. આમ ગોધરા શહેરના બે યુવાનો દ્વારા વડોદરા ખાતે યોજાયેલી બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ગોધરાનું નામ રોશન કર્યું હતું.

## હાલોલ પ્રતાપપુરા થી ૧૮ વર્ષીય યુવતિ ભુલથી જંતુનાશક દવા પી જતાં સારવાર અર્થે ખસેડાઈ

હાલોલ,
હાલોલ તાલુકાના પ્રતાપપુરા ગામની ૧૮ વર્ષીય યુવતિની મગજની અસ્થિરતાની દવા ચાલતી હતી. તેણી એ ભુલ થી જંતુનાશક દવા ભુલ થી પી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના પ્રતાપપુરા ગામે રહેતા દલપતભાઈ ચૌહાણની ૧૮ વર્ષીય પુત્રી પાયલબેનની મગજની અસ્થિરતાની દવા ચાલતી હોય અને ૨૭ જાન્યુઆરીના રોજ તેણી એ મુકેલ દવાની જગ્યા એ તુવેરમાં છાંટવાની જંતુનાશક દવા શરતચુકત થી પી ગયેલ હતા. જેને લઈ દવા સારવાર માટે ખસેડવામાં આવ્યા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.